# મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ
## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ
## માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ
## (Master of Yogic Art & Science)અભ્યાસક્રમ
## પ્રવેશ અંગેની માહિતી

(૧) માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ(Master of Yogic Art & Science) અભ્યાસક્રમનો સમયગાળો જૂલાઈ–૨૦૨૩ થી એપ્રિલ–૨૦૨૫ સુધી બે વર્ષનો રહેશે.

(૨) આ અભ્યાસક્રમના નિયમિત વર્ગો સોમ થી શનિ દરરોજ સવારે ૬–૩૦ થી ૧૦–૪૫ વાગ્યાના રહેશે. તદુપરાંત યુ.જી.સી.ના નિયમોનુસાર અભ્યાસક્રમમાં જરૂરી જણાય તો વર્ગો, તાલીમ, વિસ્તરણકાર્ય વગેરે કામ કરવાના રહેશે.

(૩) આ અભ્યાસક્રમમાં જોડાવા માટે શારીરિક યોગ્યતાનું દાક્તરી પ્રમાણપત્ર આપવું ફરજિયાત છે.

(૪) પ્રાર્થના, કાંતણ, ઉદ્યોગ અને ખાદીનો ગણવેશ ફરજિયાત રહેશે.

(૫) માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ શાખામાં સ્નાતક કક્ષાએ ૪૦% અને અથવા યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમમાં ૪૦% મેળવેલ ઉમેદવાર પ્રવેશ માટે અરજી કરી શકશે. અનામત કક્ષાના ઉમેદવારોને નિયમાનુસાર પ્રવેશમાં છૂટછાટ મળવા પાત્ર રહેશે.

(૬) વર્ષમાં એક વાર સંસ્થાએ નક્કી કરેલ સ્થળે શૈક્ષણિક પ્રવાસ/શિબિર ઓછામાં ઓછા ૮ થી ૧૦ દિવસના રાખવામાં આવશે, જેમાં દરેક વિદ્યાર્થીઓએ સ્વખર્ચે આવવાનું રહેશે.

(૭) પ્રવેશ ફોર્મ ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ **www.gujaratvidyapith.org** પર ઉપલબ્ધ થશે, તે ભરવાનું રહેશે.

(૮) અભ્યાસક્રમમાં ૮૦% હાજરી ફરજિયાત છે, જેની સૌએ નોંધ લેવી.

(૯) કોઈ પણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.

માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સના અભ્યાસક્રમ માટે વધુ માહિતી મેળવવા માટે મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ કાર્યાલય:(ઓ) ૦૭૯–૪૦૦૧૬૨૭૨, ડૉ.બિમાનભાઈ પાલ (મો: **09427622254**) તથા ડૉ.કમલેશભાઈ પટેલ (મો: **9898001481**)નો સંપર્ક કરવો.

નોંધ: ૧) ફોર્મ ભરનાર દરેક ઉમેદવારે તા.૦૩/૦૭/૨૦૨૩ને સોમવારે સવારે: ૮–૦૦ કલાકે મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦૦૦૯ ખાતે પ્રવેશ પરીક્ષા માટે ફરજિયાત હાજર રહેવું.

૨) પ્રવેશ માટે લેખીત પરીક્ષા, મૌખિક પરીક્ષા તથા શારીરિક યોગ્યતા પરીક્ષા લેવામાં આવશે. લેખીત પરીક્ષામાં યોગને લગતી સામાન્ય માહિતી, શરીર રચના અને ક્રિયાવિજ્ઞાન, સામાન્યજ્ઞાન વિશેના પ્રશ્નો રહેશે. મૌખિક પરીક્ષા સમયે અસલ ગુણપત્રકો અને પ્રમાણપત્ર સાથે લઈને આવવાનું રહેશે.

૩) અનિવાર્ય સંજોગો કે મહામારી દરમ્યાન સંસ્થા/ રાજય સરકાર/ભારત સરકાર તરફથી જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે તેનું પાલન કરવાનું રહેશે.

તા.૧૩–૦૬–૨૦૨૩

(ડૉ.બિમાન પાલ)
પ્રાધ્યાપક

(ડૉ. કમલેશ પટેલ)
સંયોજક